ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૪૨ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ પુનમ, સોમવાર ૨૯ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

ચોમાસાની પ્રતિક્ષા 5-6 દિ'માં પૂરી થવાની સંભાવના : IMD

દેશના ઉત્તર ભાગના રાજ્યોમાં ચોમાસુ આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઇ રહી છે

દિલ્હીમાં બે વર્ષની સૌથી ગરમ સવાર નોંધાઇ, રાજધાનીમાં ૪ જુલાઇથી ચોમાસુ બેસે તેવી વકી

અરૂણાચલમાં ભારે વરસાદને પગલે ત્રણનાં મોત

નવી દિલ્હી, તા. ૨૮(પીટીઆઈ): આગામી પાંચથી છ દિવસમાં દેશના ઉત્તર ભાગના કેટલાક રાજ્યોમાં નૈઋત્યનું ચોમાસું વધુ આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે, તેમ ભારતીય હવામાન વિભાગ(IMD)એ રવિવારે જણાવ્યું હતું. આ દરમિયાન ચોમાસામાં થઈ રહેલા વિલંબ વચ્ચે રાષ્ટ્રીય પાટનગરમાં બે વર્ષની સૌથી ગરમ સવાર નોંધાઈ હતી.

ભારતીય હવામાન વિભાગે એક યાદીમાં જણાવ્યું છે કે, આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન ઉત્તર અરબી સમુદ્રના વધુ કેટલાક ભાગો અને ઉત્તર પ્રદેશ તેમજ ઉત્તરાખંડ સહિતના અન્ય રાજ્યોના કેટલાક વિસ્તારોમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ છે. ત્યારબાદના બે થી ત્રણ દિવસ દરમિયાન તે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડના વધુ કેટલાક ભાગો, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને દક્ષિણ-પૂર્વ રાજસ્થાનના કેટલાક વિસ્તારો તરફ આગળ વધે તેવી સંભાવના છે. જો કે, હવામાન વિભાગે ૨૮ અને ૨૯ જુલાઈના રોજ ઉત્તર પ્રદેશમાં હીટવેવ સંભવતઃ તીવ્ર હીટવેવની ચેતવણી પણ આપી છે.

હવામાનની આગાહી કરતી ખાનગી એજન્સી 'સ્કાયમેટ'ના જણાવ્યા અનુસાર, જો પરિસ્થિતિ સાનુકૂળ રહેશે તો દિલ્હીમાં ૪ જુલાઈની આસપાસ ચોમાસાનું આગમન થઈ શકે છે. દરમિયાન, દિલ્હીમાં બે વર્ષની સૌથી ગરમ સવાર નોંધાઈ હતી, જ્યાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૩.૨ ડિગ્રી વધુ એટલે કે ૩૧.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં હીટવેવની અસર જોવા મળી રહી છે અને સાંજે ૫:૩૦ વાગ્યે IMD દ્વારા ગણતરી કરાયેલું 'ફીલ્સ-લાઈક' તાપમાન આશરે ૫૦.૭ ડિગ્રી સેલ્સિયસ હતું. જો કે, સોમવાર માટે વિભાગે ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે.

અમેરિકા-ઈરાન હુમલા વધતા શાંતિ કરારને ખતરો

અમેરિકા હુમલાઓ ચાલુ રાખે તો શાંતિ માટેની વાટાઘાટો સંપૂર્ણ બંધ કરી દેવાની ઇરાનની ધમકી

ઇરાનના ઓમાન નજીક નવા રૂટ પર જહાજ પર હુમલા પછી અમેરિકાના ઇરાની ઠેકાણાઓ પર હુમલા

ઇરાન કહે છે કે હોર્મુઝના અખાતમાંથી નવો માર્ગ શરૂ કરવાના પ્રયાસો ગુંચવાડા ઉભા કરશે



દુબઈ, તા. ૨૮(AP): અમેરિકા દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાના જવાબમાં ઈરાને રવિવારે બહેરીન અને કુવૈતને નિશાન બનાવીને ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા, અને ચેતવણી આપી હતી કે જો વોશિંગ્ટન તેના હુમલા ચાલુ રાખશે તો યુદ્ધનો અંત લાવવા માટેની વાટાઘાટો સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે.

ઈરાનની સીધી દેખરેખ વિના હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવાના પ્રયાસોને કારણે આ સામસામે ગોળીબાર શરૂ થયો છે જેણે અત્યારે સમગ્ર પ્રદેશને લપેટમાં લીધો છે અને કાયમી યુદ્ધવિરામ માટેની વાટાઘાટોને જોખમમાં મૂકી દીધી છે. અમેરિકી નૌકાદળની દેખરેખ હેઠળની એક બહુરાષ્ટ્રીય દરિયાઈ સંસ્થાએ શનિવારે જણાવ્યું હતું કે તે ઓમાન નજીક આવતા અને જતા બંને પ્રકારના ટ્રાફિક માટે એક રૂટનો વિસ્તાર કરશે, જેના કારણે તેહરાન સાથે સંઘર્ષનું એક નવું કેન્દ્ર ઊભું થયું છે. આ સામુદ્રધુની ઈરાન અને ઓમાનના પ્રાદેશિક જળસીમામાં આવેલી હોવા છતાં, વૈશ્વિક સમુદાય લાંબા સમયથી તેને આંતરરાષ્ટ્રીય માર્ગ માનતો આવ્યો છે. તાજેતરના દિવસોમાં, ઈરાને સંયુક્ત રાષ્ટ્રની એક એજન્સી દ્વારા સમર્થિત ઓમાન તરફના રૂટ પરથી પસાર થતા જહાજો પર બે વાર હુમલો કર્યો

અનુસંધાન પાના 5 પર ➲

ચાલુ યુદ્ધે નવા ડ્રોન વિકસાવ્યા, મિસાઇલો અપડેટ કરી: ઇરાનનો દાવો

ઇરાન હવે ઘરઆંગણે ઉત્પાદન વધારીને અને મિત્ર દેશોમાંથી શસ્ત્રોની આયાત કરીને લશ્કરને વધુ મજબૂત બનાવવા માગે છે

તહેરાન, તા. ૨૮: ઇરાને અમેરિકા અને ઇઝરાયેલ સાથેના તેના યુદ્ધ દરમિયાન વધુ અદ્યતન શસ્ત્રો વિકસાવ્યા અને તૈનાત કર્યા હોવાનો દાવો કર્યો છે.

ઇરાની સેનાએ ખુલાસો કર્યો કે સંઘર્ષ ચાલુ હોવા છતાં પણ નવા ડ્રોન સેવામાં સામેલ કરવામાં આવ્યા હતા અને મિસાઇલ પ્રણાલીઓને અપગ્રેડ કરવામાં આવી હતી. આ દાવો અમેરિકી દળોને સંડોવતા નવેસરથી શરૂ થયેલા યુદ્ધ, ઇરાનના વળતા હુમલા અને લેબનોનમાં ઇઝરાયેલી હુમલાઓ વચ્ચે આવ્યો છે, જે તમામ બાબતોએ આ મહિનાની શરૂઆતમાં થયેલા નાજુક યુએસ-ઇરાન સમજૂતી કરારના ભવિષ્ય પર નવેસરથી શંકા પેદા કરી છે.

ઇરાનની પ્રેસ ટીવીના જણાવ્યા અનુસાર, ઇરાની સેનાના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ મોહમ્મદ અકરમિનિયાએ જણાવ્યું હતું કે દેશના સશસ્ત્ર દળોએ સમગ્ર સંઘર્ષ દરમિયાન સંશોધન અને ઉત્પાદન ચાલુ રાખ્યું હતું અને યુદ્ધ સમાપ્ત થાય તે પહેલાં નવી સૈન્ય પ્રણાલીઓ સફળતાપૂર્વક રજૂ કરી હતી. દ્વના અંતિમ દિવસો દરમિયાન તૈનાત કરાયેલા નવી પેઢીના ડ્રોનનો ઉલ્લેખ કરતા અકરમિનિયાએ

અનુસંધાન પાના 5 પર ➲

સાઉદી અરેબિયામાં ઓઇલ કંપનીનું હેલિકોપ્ટર ક્રેશ થતાં 14 લોકોનાં મોત

દુબઈ, તા. 28 (એપી) સાઉદી અરેબિયાના ઊર્જા મંત્રાલયના જણાવ્યા અનુસાર, રવિવારે સવારે વિશ્વની સૌથી મોટી ઓઇલ કંપનીનું એક હેલિકોપ્ટર ક્રેશ થતાં તેમાં સવાર તમામ 14 લોકોનાં મોત થયાં હતાં. નિવેદનમાં જણાવાયું છે કે, આ અકસ્માત સવારે 6 વાગ્યાની આસપાસ રાસ તનુરામાં થયો હતો અને માર્યા ગયેલા તમામ લોકો સાઉદી નાગરિકો હતા. અકસ્માતનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. આ હેલિકોપ્ટર અરામકો કંપનીનું હતું, જેમાં સાઉદી અરેબિયા બહુમતી હિસ્સો ધરાવે છે. ઈરાન યુદ્ધના કારણે તેલ પુરવઠામાં વિક્ષેપ પડતાં અને કિંમતો વધતાં અરામકોએ તાજેતરમાં ઘણી મુશ્કેલીઓનો સામનો

અનુસંધાન પાના 5 પર ➲

ઉત્તર-પૂર્વીય ફ્રાન્સમાં સ્કાયડાઇવિંગ પ્લેન ક્રેશ થતાં 11 લોકોનાં મોત

ન્યાન્સી (ફ્રાન્સ), તા. 28 (એપી) ઉત્તર-પૂર્વીય ફ્રાન્સમાં રવિવારે એક સ્કાયડાઇવિંગ પ્લેન ક્રેશ થતાં તેમાં સવાર તમામ 11 લોકોનાં મોત થયાં હોવાનું સત્તાવાળાઓએ જણાવ્યું હતું. આ પ્રદેશના વહીવટી વડા ચવેસ સેગુયે જણાવ્યું હતું કે, ન્યાન્સી શહેરની સરહદ પર આવેલા ન્યાન્સી-એસી એરફિલ્ડ પરથી ઉડાન ભર્યા બાદ પ્લેનમાં ખામી સર્જાઈ હતી અને તે લગભગ સીધું નીચે ખાબક્યું હતું. ચવેસ સેગુયે બ્રોડકાસ્ટર બીએફએમ-ટીવીને જણાવ્યું હતું કે, પ્લેન એરફિલ્ડ નજીક વસવાટવાળા વિસ્તારની નજીક ક્રેશ થયું હતું. મ્યુર્થે-એટ-મોસેલે પ્રદેશના પ્રીફેક્ટ સેગુયે જણાવ્યું હતું કે, "જો આ ઘટના માત્ર થોડાક ડઝન મીટર દૂર

અનુસંધાન પાના 5 પર ➲

તા. ૨૮-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૬.૬° સે.	૨૯.૩° સે.	૬૩%

ફ્રાન્સમાં સખત ગરમીને કારણે એક સપ્તાહમાં 1000થી વધુના મોત

ગત સપ્તાહમાં સામાન્ય કરતા સેંકડો વધારે મોત નોંધાયા, મૃતકોમાં મોટે ભાગે વયોવૃદ્ધો

જર્મનીમાં દાવાનળ ફાટી નિકળ્યો, ડેન્માર્કમાં સખત ગરમી પછી વાવાઝોડું

બર્લિન, જૂન ૨૮ (એપી): ફ્રાન્સમાં ગયા સપ્તાહે રેકોર્ડ તોડનાર હીટવેવ દરમિયાન આશરે ૧,૦૦૦ વધારાના મોત નોંધાયા હોવાનું દેશની પબ્લિક હેલ્થ એજન્સીએ રવિવારે જણાવ્યું હતું. બીજી તરફ, યુરોપના અન્ય ભાગોમાં પણ લોકો સતત વધી રહેલા તાપમાનનો સામનો કરી રહ્યા છે, જેના કારણે જર્મનીમાં જંગલોમાં આગ ફાટી નીકળી હતી અને ભીડને ઠંડક આપવા માટે બર્લિન પોલીસને વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો હતો.

જર્મનીના પૂર્વીય સેક્સોનીમાં આવેલા કુબશુત્ઝમાં રવિવારે રાત્રિના તાપમાનનો નવો રેકોર્ડ નોંધાયો હતો, જ્યાં તાપમાન ૨૯.૪ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું ન હતું. જર્મન વેધર સર્વિસના પ્રારંભિક ડેટા અનુસાર, રાત્રિના તાપમાનનો આ

અનુસંધાન પાના 5 પર ➲

લોકોને ઠંડક આપવા બર્લિન પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો

જર્મનીની રાજધાનીની પોલીસે પરેશાન બર્લિનવાસીઓ અને પ્રવાસીઓની મદદ માટે એક અનોખો રસ્તો શોધી કાઢ્યો. તેમણે સામાન્ય રીતે તોફાની પ્રદર્શનકારીઓને વિખેરવા માટે વપરાતી બે વિશાળ વોટર કેનન(પાણી તોપ) શહેરના ઐતિહાસિક બ્રાન્ડેનબર્ગ ગેટ સામે ગોઠવી દીધી અને આનંદિત થઈ રહેલી ભીડ પર ઠંડા પાણીનો છંટકાવ કર્યો.

વર્લ્ડ ચેમ્પિયન ભારતની બેબી આયર્લેન્ડ સામે નાલેશીભરી સીરિઝ હાર

પહેલી મેચ જીતી અપસેટ કરનાર આયર્લેન્ડે વર્લ્ડ ચેમ્પિયન ભારત સામે સીરિઝ 2-0થી જીતી ઇતિહાસ રચ્યો

કેપ્ટન તરીકેની પહેલી સીરિઝમાં જ શ્રેયસ અય્યરને બેબી ટીમ સામે 2-0થી ક્લીનસ્વીપનો ચમકારો મળ્યો

બેલફાસ્ટ, તા. 28 : ટી-20 ક્રિકેટમાં વર્લ્ડ ચેમ્પિયન એવી ભારતીય ટીમને આયર્લેન્ડ જેવી બેબી ટીમે ટી-20 સીરિઝમાં 2-0થી ક્લીનસ્વીપ કરીને નાલેશીભરી સીરિઝ હારનો કડવો ઘૂંટ પીવડાવ્યો છે. આ સીરિઝની પહેલી મેચમાં અપસેટ સર્જ્યા બાદ, આયર્લેન્ડે બીજી મેચ પણ એક રનથી જીતી લીધી. આ સીરિઝ પહેલા, યજમાન ટીમ ભારત સામે એક પણ ઈન્ટરનેસનલ મેચ જીતી શકી ન હતી. પ્રથમ બેટિંગ કરતા, આયર્લેન્ડે 20 ઓવરમાં 8 વિકેટે 154 રન બનાવ્યા. ભારતની બેટિંગ ફરી એકવાર નિષ્ફળ ગઈ, અને ટીમ 20 ઓવરમાં 9 વિકેટે માત્ર 153 રન જ બનાવી શકી હતી.

ભારતને છેલ્લી ઓવરમાં જીત માટે 22 રનની જરૂર હતી. હર્ષિત રાણાએ મેચને રોમાંચક બનાવી પરંતુ ટીમને જીત તરફ દોરી શક્યો નહીં. હર્ષિત ઓવરના પાંચમા બોલ પર આઉટ થયો. તેણે 10 બોલમાં 21 રન બનાવ્યા. ભારતને છેલ્લા

અનુસંધાન પાના 5 પર ➲

અયોધ્યા દાન કેસમાં ધરપકડ કરાયેલા આઠના ઘરો પર પોલીસના દરોડા

સ્થાનિક મેજિસ્ટ્રેટને સાથે રાખી પોલીસ દ્વારા લવ કુશ મિશ્રા, અવિનાશ શુક્લા અને રમાશંકર યાદવ સહિતના આરોપીઓના ઘરો પર સર્ચ ઓપરેશન

અયોધ્યા (યુપી), તા. ૨૮ (પીટીઆઈ) રામ મંદિરમાં દાનમાં કથિત ઉચાપતના સંબંધમાં ધરપકડ કરાયેલા તમામ આઠ લોકોના રહેઠાણો પર અયોધ્યા પોલીસે રવિવારે એકસાથે દરોડા પાડ્યા હતા. એમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

સ્થાનિક મેજિસ્ટ્રેટ સાથે પોલીસની ટીમોએ લવ કુશ મિશ્રા, અવિનાશ શુક્લા અને રમાશંકર યાદવ સહિતના આરોપીઓના ઘરો પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

તમામ આઠ આરોપીઓને અયોધ્યાની અદાલત દ્વારા ૨૯ જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યાના બે દિવસ બાદ આ દરોડા પડ્યા છે. સોમવારે જ્યારે આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવશે ત્યારે પોલીસ તેમની કસ્ટડી રિમાન્ડ મેળવવા માટે વિનંતી કરે તેવી શક્યતા છે.

રવિવારની તપાસ દરમિયાન પોલીસે આરોપી મનીષ યાદવના પરિવારના સભ્યોને બંધ ઘર ખોલવાનું કહીને તેના નિવાસસ્થાનેથી આધાર કાર્ડ, પાન કાર્ડ અને બેંક સંબંધિત વિગતો સહિતના દસ્તાવેજો એકત્ર કર્યા હતા.

રમાશંકર ઉર્ફે ટિન્નુ યાદવ સહિત અન્ય આરોપીઓના રહેઠાણો પર પણ સર્ચ કરવામાં આવ્યું હતું, જ્યાં પરિવારના સભ્યોની પૂછપરછ

અનુસંધાન પાના 5 પર ➲

ભારતનો અભિગમ હિંદ મહાસાગરને તકોનો મહાસાગર બનાવવાનો : મોદી

સેશેલ્સના રાષ્ટ્રપતિ સાથે વ્યાપક ચર્ચામાં આર્થિક સમૃદ્ધિની સાથે દરિયાઇ સુરક્ષા સુનિશ્ચિત કરવા પર ભાર

ભારત અને સેશેલ્સ વચ્ચે વિવિધ ક્ષેત્રના 19 કરારો

વિક્ટોરિયા(સેશેલ્સ), તા. ૨૮(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે ભારત એક એવા હિંદ મહાસાગરની કલ્પના કરે છે જ્યાં આર્થિક સમૃદ્ધિની સાથે દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત થાય અને જ્યાં ભાગીદારી કદથી નહીં, પરંતુ પરસ્પર સન્માન અને વિશ્વાસ દ્વારા વ્યાખ્યાયિત થાય.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની વચ્ચે યોજાયેલી મંત્રણા બાદ ભારત

અનુસંધાન પાના 5 પર ➲

સેશલ્સ દ્વારા મોદીને 'ગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઇઝન' એવોર્ડ અપાયો

વિક્ટોરિયા(સેશેલ્સ), તા. ૨૮(પીટીઆઇ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે સેશેલ્સની સરકાર દ્વારા માનદ 'ગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઇઝન' એવોર્ડ આપવામાં આવ્યો હતો. પર્યાવરણના જતન માટે તેમની પ્રતિબદ્ધતા અને નાના તથા વિકાસશીલ દેશોની મહત્વાકાંક્ષાઓને આગળ ધપાવવા બદલ તેમને આ સન્માન આપવામાં આવ્યું હતું. આ ટાઇટલ એ મોદીને કોઇ વિદેશી રાષ્ટ્ર દ્વારા અપાયેલું ૩૪મુ આંતરરાષ્ટ્રીય સન્માન છે. સેશલ્સના પ્રમુખ પેટ્રિક હર્મિનીએ મોદીને અહીં આ ટાઇટલ અર્પણ કર્યું હતું. સેશલ્સ દ્વારા આવું પ્રથમ સન્માન અપાયું છે. આ સન્માન બદલ મોદીએ સેશલ્સનો આભાર માન્યો હતો અને આ એવોર્ડ તે દેશોને અર્પણ કર્યો હતો, જેઓ હવામાન પરિવર્તનના પડકારો સામે લડી રહ્યા છે.' 'સેશલ્સના લોકો અને સરકારનો તથા સાથોસાથ પ્રમુખ હર્મિનીનો મને આ સન્માન આપવા બદલ આભારી છું'' એમ

અનુસંધાન પાના 5 પર ➲

વિશ્વભરમાં વીજળી વગર હાઇડ્રોજન ઉત્પાદનની સૌપ્રથમ ભારતે આ સફળતા મેળવી

ભારતે પરમાણુ ગરમીથી હાઇડ્રોજનનું ઉત્પાદન કરી બતાવ્યું

કલ્પક્કમ અણુ મથક ખાતે ઐતિહાસિક સફળતા: વીજળીનો ખર્ચ બચાવીને હાઇડ્રોજનના મોટા પાયે ઉત્પાદનની આશા

ચેન્નાઇ, તા. ૨૮: તમિલનાડુના દરિયાકાંઠાના એક વિસ્તારમાં છેલ્લા ચાર દાયકાથી કાર્યરત એક રિએક્ટરે એવું કંઇક કરી બતાવ્યું છે જે વિશ્વના અન્ય કોઇ રિએક્ટરે ક્યારેય નથી કર્યું. ભારતના આ પરમાણુ રિએક્ટરે પાણીમાંથી હાઇડ્રોજન છૂટો પાડવા માટે વીજળીનો નહીં, પરંતુ પોતાની જ ગરમીનો ઉપયોગ કર્યો છે. આ એક માત્ર વિશિષ્ટતાને કારણે વૈજ્ઞાનિકો તેને એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવી રહ્યા છે.

૨૬ જૂન, ૨૦૨૬ ના રોજ, પરમાણુ ઊર્જા વિભાગ(DAE)એ વિશ્વના પ્રથમ એવા હાઇડ્રોજન ઉત્પાદન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું જે વીજળીના બદલે પરમાણુ રિએક્ટરની ગરમીથી ચાલે છે. આ પ્લાન્ટ કલ્પક્કમ ખાતે આવેલા 'ઇન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચ'(IGCAR) માં આવેલો છે. પ્લાન્ટ ભલે નાનો હોય, પણ તેનું મહત્વ ઘણું મોટું છે. ભારતે પાણીને હાઇડ્રોજનમાં બદલતો એક કાર્યરત પ્લાન્ટ તૈયાર કરીને તેને શરૂ કરી દીધો છે. હાઇડ્રોજન એક એવું સ્વચ્છ બળતણ છે જે બળતી વખતે માત્ર પાણી આપે છે, કાર્બન ડાયોક્સાઇડ નહીં. આ પ્રક્રિયા માટે પરમાણુ રિએક્ટરમાંથી

અનુસંધાન પાના 5 પર ➲